દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫

# અરવલ્લી પર્વતમાળામાંથી ખનીજચોરી મામલે કેન્દ્ર સરકાર ઉંઘતી ઝડપાઈ છે

આપણાં દેશમાં કાયમ ભ્રષ્ટાચાર પહેલા થાય છે અને તેના ઉપાયો પછી શોધવામાં આવે છે. તાજેતરમાં જ અરવલ્લી પર્વતમાળા સંદર્ભે પણ આવી જ સ્થિતિ થઈ. દેશની સૌથી પ્રાચીન પર્વતમાળા તરીકે ઓળખાતી અને ચાર રાજ્યો, ગુજરાત, રાજસ્થાન, હરિયાણા અને દિલ્હી સુધી ફેલાયેલી 700 કિ.મી. જેટલી લાંબી અરવલ્લી પર્વતમાળામાં ઘણા સમયથી ખનીજસંપત્તિની ચોરી શરૂ કરી દેવામાં આવી હતી. ખનીજ માફિયાઓ દ્વારા આ ખનીજ સંપત્તિની ચોરી કરાઈ રહી હતી. આ કારણે અરવલ્લી પર્વતમાળાને બચાવવા માટે ચળવળ ચાલી રહી હતી. તાજેતરમાં 20 નવેમ્બર 2025ના રોજ સુપ્રીમ કોર્ટે એવો ચુકાદો આપ્યો કે જમીનથી 100 મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી ભૂ-આકૃતિને જ અરવલ્લી પહાડી માનવામાં આવશે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાને કારણે અરવલ્લીની 90%થી વધુ પહાડીઓ સંરક્ષણના દાયરામાંથી બહાર થઈ જાય તેવી સ્થિતિ હોવાથી મોટો વિવાદ ઊભો થયો હતો. વિવાદને પગલે આખરે કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે સમગ્ર અરવલ્લી રેન્જમાં નવી માઇનિંગ લીઝ જારી કરવા પર રોક લગાવી દીધી છે. કેન્દ્રએ રાજ્ય સરકારોને અરવલ્લીમાં કોઈપણ પ્રકારના નવા ખનન પટ્ટા આપવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાના નિર્દેશો જારી કર્યા છે. આ પ્રતિબંધો સમગ્ર અરવલ્લી પર સમાનરૂપે લાગુ પડશે. કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા જારી કરાયેલા લેખિત નિવેદન અનુસાર, આ આદેશનો હેતુ રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર સુધી ફેલાયેલી સતત ભૂસ્તરશાસ્ત્રીય શૃંખલા તરીકે અરવલ્લીનું રક્ષણ કરવાનો અને તમામ અનિયમિત ખનન પ્રવૃત્તિઓને રોકવાનો છે. પરંતુ અત્યાર સુધી ખનીજ સંપત્તિની ચોરી થઈ ગઈ તેનું શું?

અરવલ્લી પર્વતમાળા ગુજરાતથી રાજસ્થાનના અજમેર અને જયપુર થઈને હરિયાણાના દક્ષિણ ભાગમાં પ્રવેશ કરે છે અને ત્યાંથી દિલ્હીના દક્ષિણ ભાગ સુધી ફેલાયેલી છે. દિલ્હી પહોંચતા આ પર્વતમાળા મેદાન બની જાય છે. અમદાવાદમાં સ્થિત ગુલબાઈ ટેકરો અરવલ્લી પર્વતમાળાનો એક ભાગ છે. અરવલ્લી પર્વતમાળાનો 80 ટકાનો ભાગ રાજસ્થાનમાં આવેલો છે. અને આ પર્વતમાળા રાજસ્થાનને ઉત્તર અને દક્ષિણ આમ બે ભાગોમાં વહેંચે છે. દિલ્હીનું રાષ્ટ્રપતિ ભવન રાયશેલા પર્વત પર તૈયાર કરાયું છે જે અરવલ્લી પર્વતમાળાનો એક ભાગ છે. અરવલ્લીની સૌથી ઉંચી ટોચ જેનું નામ ગુરૂશિખર છે. જે દરિયાકાંઠાથી 1722 મીટર ઉંચી છે. આ માઉન્ટ આબુમાં સ્થિત છે. અરવલ્લી પર્વતમાળાની સરેરાશ ઉંચાઈ 930 મીટર છે. તેના કેટલાક વિસ્તારો ખનિજોથી ભરેલા છે. જેમાં પિત્તળ, લોખંડ જેટલી અન્ય વસ્તુઓનો સમાવેશ થાય છે. દક્ષિણ ભાગમાં આ પર્વતમાળાની ઉંચાઈ અને પહોળાઈ વધારે છે. તેમજ દિલ્હીના ભાગોમાં તે ઘટી જાય છે. અરવલ્લી પર્વતમાળાઓનું અલગ રાજ્યમાં જૂદા- જૂદા નામથી સંબોધિત કરાય છે. જેમ કે ઉદયપુરમાં જગ્ગા પર્વત, અલવરમાં હર્ષનાથ પર્વત, અને દિલ્હીમાં દિલ્લીના પર્વત. અરવલ્લીના દક્ષિણ ભાગના વિસ્તારો હરિયાળી વાળા છે. જ્યારે ઉત્તરના ભાગમાં તે રણ સ્વરૂપમાં છે. અરવલ્લી પર્વતમાળાના પશ્ચિમ વિસ્તારમાં થાર રણ આવેલું છે. જે પર્વતોને પુર્વ વિસ્તારમાં ફેલાવાથી રોકે છે. આ પર્વતમાળામાં કેટલીક નદીઓનું ઉદગમ સ્થળ છે. જેમાં સાબરમતી, લૂની, સાખી, બાના નદીઓનો સમાવેશ થાય છે.

આટલી વિશાળ પર્વતમાળા હોય અને તેમાં ભરપૂર ખનીજ સંપત્તિ હોય એટલે ખનીજ માફિયા કામે નહીં લાગે તો જ નવાઈ હોય. અરવલ્લી પર્વતમાળાને ખોદી કાઢવાની પ્રવૃત્તિ ઘણા સમયથી ચાલી રહી હતી. જેનો ભારે વિરોધ પણ થઈ રહ્યો હતો પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા તેની પર ધ્યાન આપવામાં આવ્યું નહોતું. હાલમાં જ્યારે સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો ત્યારે કેન્દ્ર સરકાર ઉંઘમાંથી જાગી હતી. કેન્દ્રના નિર્દેશને પગલે ભારતીય વન સંશોધન અને શિક્ષણ પરિષદ (ICFRE)ને સમગ્ર અરવલ્લી પ્રદેશમાં સતત ખાણકામ માટે એક વ્યાપક, વૈજ્ઞાનિક યોજના તૈયાર કરવાના નિર્દેશો આપ્યા છે. આ યોજનામાં પર્યાવરણીય અસર અને પારિસ્થિતિક વહન ક્ષમતાનું મૂલ્યાંકન કરવાની સાથે-સાથે પારિસ્થિતિક રીતે સંવેદનશીલ અને સંરક્ષણની દૃષ્ટિએ મહત્વપૂર્ણ વિસ્તારોની ઓળખ કરશે. પુનર્સ્થાપન અને પુનર્વસનના ઉપાયો નિર્ધારિત કરશે. આ યોજનાને સંબંધિત હિતધારકો સાથે પરામર્શ માટે સાર્વજનિક કરવામાં આવશે. કેન્દ્ર સરકારના નિવેદન મુજબ સમગ્ર અરવલ્લી વિસ્તારમાં ખનનથી સંરક્ષિત અને પ્રતિબંધિત વિસ્તારોના દાયરાને વધુ વધારવામાં આવશે. અરવલ્લી પર તૈયાર કરવામાં આવી રહેલા પ્લાનમાં તેનું ખાસ ધ્યાન રાખવામાં આવશે. જોકે, સરકાર પર કોઈને ભરોસો નથી. અરવલ્લીને બચાવવા અને તેની સુરક્ષા માટે 1000 કિલોમીટર લાંબી 'અરવલ્લી આંદોલન' જનયાત્રાનો બુધવારે સિરોહીના માઉન્ટ આબુમાં અર્બુદા દેવી મંદિરથી પ્રારંભ થયો હતો. યાત્રાનું નેતૃત્વ રાજસ્થાન યુનિવર્સિટી (જયપુર)ના પૂર્વ વિદ્યાર્થી સંઘ પ્રમુખ નિર્મલ ચૌધરી કરી રહ્યા છે. આ યાત્રા સફળ થશે કે કેમ તે સમય કહેશે, પરંતુ વિવાદ વધુ વકરે તે પહેલા કેન્દ્ર સરકારે આદેશો આપી દીધા છે. જોકે, સત્ય એ છે કે કેન્દ્ર સરકારે પહેલેથી જ જાગવાની જરૂરીયાત હતી. દેશમાં દરિયાકિનારા સલામત નથી, રેતીખનનને કારણે નદીઓ સલામત નથી, હવે હદ થઈ ગઈ છે, કારણ કે દેશમાં પર્વતો પણ સલામત નથી. કેન્દ્ર સરકાર ખનીજ સંપત્તિની ચોરી થાય તે પહેલા જ જાગશે તો જ દેશમાં પર્વતો બચશે તે નક્કી છે.

## જીવનમાં હારો નહીં



દૃશ્ય પહેલું- એક વેપારી, વેપારમાં બહુ મોટી ખોટ ગઈ, ગાડી બંગલા વેચાઈ ગયા. જીવનમાં આર્થિક તકલીફ એવી આવી કે જીવન બદલાઈ ગયું, વેપારી નિરાશ અને હતાશ થઇ ગયો તેણે માની લીધું કે મારું નસીબ જ ખરાબ છે. નહિ તો આવા ધિકતા ધંધામાં ખોટ કઈ રીતે જાય? તેણે સ્વીકારી લીધું કે પોતે બદનસીબ છે અને હવે આ જ મારું જીવન છે. મારે ગરીબીમાં જ દિવસો વિતાવવા પડશે, હવે જીવનમાં કોઈ બદલાવ થવાનો નથી. છેલ્લા શ્વાસ સુધી આમ જ જીવવું પડશે માંડ બે ટંકના ખાવા જેટલું કમાઈ લઉં તોય ભલું... વેપારી નિરાશા હતાશામાં જીવનમાં હારી ગયો.

ચાર્જિંગ પોઇન્ટ
હેતા ભૂષણ

દૃશ્ય બીજું

એક વેપારી, વેપારમાં બહુ મોટી ખોટ ગઈ, ગાડી બંગલા વેચાઈ ગયા. જીવનમાં આર્થીક તકલીફ એવી આવી કે જીવન બદલાઈ ગયું, તે નિરાશ થયો પણ આશા ફરી ભેગી કરી. તેણે પોતાને અને ઘરના બધાને વિશ્વાસ અપાવ્યો કે આવતીકાલ બદલાશે. જીવનમાં ફરી બદલાવ આવશે, ધિકતો વેપાર હતો, ખોટ ગઈ પણ ફરી મહેનત કરશું તો ફરી વેપાર પાટે ચઢશે. કોઈ ખરાબ કર્મની સમજા થઈ છે પણ સારા કર્મોનું ફળ પણ મળશે. તેને પ્રયત્નો છોડ્યા નહીં. વેપારી જીવનમાં હાર્યો પણ જીવન હારી ગયો નહી.

બે દૃશ્યમાં પરિસ્થિતિ લગભગ સરખી છે પણ થોડી જુદી છે. બંને વેપારીઓને જીવનમાં હાર મળી છે.

પહેલા દૃશ્યમાં વેપારી હાર મળવાથી નિરાશ અને હતાશ થઈને બેસી ગયો છે તે ફરી ઉભો થઈ નહિ શકે, તેણે આશા ગુમાવી દીધી છે એટલે તેનું જીવન સુધરવાની શક્યતા નહીવત જેવી જ છે. જીવનમાં એક હાર મેળવીને તે જીવન હારી ગયો છે.

બીજા દૃશ્યમાં વેપારી હાર મળવાથી નિરાશ થયો છે પણ આશા ગુમાવી નથી, તેને આશા છે કે મારી આવતીકાલ ચોક્કસ સુધરશે. જીવનમાં હાર મળી છે પણ તે જીવન હાર્યો નથી. જીવનમાં કોઇપણ સંજોગોમાં, ઉતાર ચઢાવમાં જે વ્યક્તિ આશા જીવંત રાખે છે, આવતીકાલ સરખીજ હશે તેવા વિશ્વાસ સાથે મહેનત ચાલુ રાખે છે. જીવન સુધારવાના સપના જીવંત રાખે છે તેના જીવનમાં બદલાવ ચોક્કસ આવે જ છે. જીવનમાં મુશ્કેલીઓ વખતે નિરાશ થાવ, થાકી જાવ કે હારી જાવ તેનો વાંધો નથી પણ મન મજબૂત રાખો અને આશા જીવંત રાખો. કાલે જીતી જઈશ તેવી હિંમત રાખો. હંમેશા યાદ રાખો કે જીવનમાં હાર ભલે મળે પણ એક હારમાં જીવન હારી જવું નહીં.

# ચાલો, પર્યાવરણની સાથોસાથ જાતનો પણ વિનાશ નોંતરીએ

## ફીર દેખો યારોં

બીરેન કોઠારી

**વર્તમાન યુગમાં જેમ રાજકારણ નાગરિકોના ઘરમાં, દરવાજો ખટખટાવ્યા વિના પ્રવેશી ગયું છે અને અડિંગો જમાવી દીધો છે, એવું જ આ ખોરાકી ઝેર બાબતે કહી શકાય. એક મનને દૂષિત કરે છે, અને બીજું તનને. આબાલવૃદ્ધ સહુ કોઈ આ ખોરાકી ઝેર આનંદપૂર્વક લઈ રહ્યા છે**

માનવજાતના અસ્તિત્વ સાથે ભૂખ અનિવાર્યપણે સંકળાયેલી છે. માનવસંસ્કૃતિના વિકાસની સાથોસાથ જરૂરિયાતનું જે વ્યાપારીકરણ થવા લાગ્યું એમાં ભૂખનું, એટલે કે તેને સંતોષવાનું પણ એક બજાર ઊભું થયું. ભૂખને સંતોષતો ખોરાક, ખોરાક સાથે સંકળાયેલો સ્વાદ અને એ રીતે સ્વાદિષ્ટ ખોરાક ખાવાથી મળતો સંતોષ તેમજ આનંદ પ્રાપ્ત થાય એટલે ભોજનનો પહેલો તબક્કો પૂરો થયો ગણાય. પછીના ક્રમે તેના પાચન અને તેની સાથે સંકળાયેલાં પોષકમૂલ્યો આવે. અલબત્ત, છેલ્લા કેટલાક દાયકાઓમાં ભૂખને સંતોષતું જે બજાર ફાલ્યું એમાં સૌથી પહેલો ભોગ પોષણમૂલ્યોનો લેવાતો. સ્વાદનો ભોગ એ રીતે લેવાયો કે એનો અંદાજ સુદ્ધાં ન આવે. કેટલીય મોટી મોટી ખાદ્ય કંપનીઓ સ્વાદ, ભૂખ અને આનંદ જેવી આપણી સાહજિક વૃત્તિઓનો ગેરલાભ લઈને એ પ્રકારનો અલ્ટ્રા પ્રોસેસ્ડ ખોરાક બજારમાં મૂકતી રહી છે કે એને ખાવા માટે માણસ રીતસરનો બેકાબૂ થઈ જાય. મગજ પર તેની એવી અસર થાય કે વારેવારે એને ખાવાની ઈચ્છા થતી રહે. નશીલાં દ્રવ્યોની જેમ આવા ખોરાકની પણ લત પડી જાય, જે આખરે સ્થૂળતા, ડાયાબિટીસ અને બીજી અનેક લાંબા ગાળાની બિમારીઓમાં પરિણમે.

નશીલાં દ્રવ્યો કાનૂની રીતે નિયંત્રીત છે, તેની પર ચેતવણીઓ લખેલી હોય છે કે તેનાથી થતા નુકસાનની જાણકારી જાહેરખબરો દ્વારા અપાતી રહે છે. તેની સરખામણીએ આવા ખાદ્ય પદાર્થો આપણી આસપાસ મળી રહે છે, આપણે તેને હોંશે હોંશે ઝાપટીએ છીએ, અને કેટલાક કિસ્સામાં પોતાને એના વિના ન ચાલતું હોવાનું ગૌરવ પણ લેતા રહીએ છીએ. પાનના ગલ્લાથી લઈને મોટી દુકાન પર હારબંધ લટકતાં ચીપ્સ અને કૂકીઝનાં રંગબેરંગી, આકર્ષક પડીકાંની સુલભતાથી કોણ અજાણ હશે! 'પ્રિંગલ્સ' જેવી જાણીતી બ્રાન્ડની બટાટાની વેફરનું સૂત્ર છેઃ 'વન્સ યુ પોપ, યુ કાન્ટ સ્ટોપ.' એટલે કે એક વાર તમે ઢાંકણું ખોલશો તો પછી ખા ખા કર્યા વિના રહી નહીં શકો. વક્રતા અને ચેતવા જેવી બાબત એ છે કે આમ કરવાની ઈચ્છાના મૂળમાં ભૂખ નથી હોતી.

આ બાબતે હવે ઘણા અભ્યાસ અને સંશોધન થઈ રહ્યાં છે. એમાંનાં મોટા ભાગના અભ્યાસના તારણમાં જોવા મળ્યું છે કે માનવમગજ જે રીતે નિકોટીન યા અન્ય નશીલાં દ્રવ્યોને ઝંખે એ જ રીતે આવા અલ્ટ્રા પ્રોસેસ્ડ ખાદ્યપદાર્થોને ઝંખતું રહે છે. છત્રીસેક દેશોમાં હાથ ધરાયેલાં ત્રણસો જેટલા અભ્યાસમાં આ બાબત જાણવા મળી છે.

આમ થવાનું કારણ શું? એ હકીકત છે કે આ રીતનો તૈયાર નાસ્તો કે ભોજન મોટે ભાગે ખાંડ, મીઠું, રિફાઈન્ડ કાર્બોહાઈડ્રેટ્સ તેમજ સેચ્યુરેટેડ ફેટ્સથી ભરપૂર હોય છે. તેના ઉપયોગની અવધિ વધારવા તેમજ સ્વાદમાં વૃદ્ધિ કરવા માટે તેને જટિલ ઔદ્યોગિક પ્રક્રિયાઓમાંથી પસાર કરવામાં આવે છે. આને કારણે તે પોષક તત્ત્વો બાબતે કંગાળ અને કૃત્રિમ રસાયણોના મામલે સમૃદ્ધ બની જાય છે. કેલરીથી ભરપૂર પણ પોષણમાં કમજોર રહેલા આ ખોરાકની સ્વાસ્થ્ય પર ગંભીર અસરો થતી હોવાના પૂરતા પુરાવા અત્યાર સુધીમાં મળી ચૂક્યા છે.

સમોસા જેવા, રોજબરોજના અને સૌથી સામાન્ય નાસ્તાનું ઉદાહરણ લઈએ. આ તળેલી વાનગી મેંદામાંથી બને છે, જેમાં બટાટા, વટાણા, મીઠું તેમજ અન્ય મસાલા ભરેલા હોય છે. કોઈ પણ સ્થાનિક દુકાને મળતાં સમોસાંને 'પ્રોસેસ્ડ ફૂડ'ની શ્રેણીમાં મૂકી શકાય. એનો મતલબ કે તેનું પ્રાકૃતિક રૂપ બદલી નાખવામાં આવ્યું છે. આવા ખોરાકમાં પણ મીઠું, ખાંડ અને ટ્રાન્સ ફેટના વધુ પ્રમાણને લઈને મધુપ્રમેહ જેવી બિમારીનું જોખમ રહેતું હોય છે. આ જ સમોસાંનું ઉત્પાદન વિશાળ પાયે કરવામાં આવે ત્યારે તેમાં પ્રિઝર્વેટિવ, ફ્લેવર એન્હેન્સર, સ્ટેબીલાઈઝર તેમજ એન્ટિ કેકિંગ એજન્ટ ઉમેરવામાં આવે છે, જેથી તે મહિનાભર સુધી બગડ્યા વિના સુપરમાર્કેટમાં રહી શકે. આ પ્રક્રિયાથી તે 'પ્રોસેસ્ડ ફૂડ'માંથી 'અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ'ની શ્રેણીમાં આવી જાય છે.

કરિયાણાની દુકાનો, સુપર માર્કેટ, પાનના ગલ્લા વગેરે તો ખરા જ, શાળાની કેન્ટિનમાં પણ આ પડીકાંઓએ પગપેસારો કરી દીધો છે. કેટલાંય માવતરો પોતાનાં બાળકોને આનંદભેર અને ગૌરવભેર આવાં પડીકાં લાવી આપે છે. વઘારેલા મમરા, સેવ, ચેવડો જેવા એક સમયે ઘરઘરાઉ ગણાતા નાસ્તા હવે આ શ્રેણીમાં આવી ગયા છે. એ સસ્તા છે, જરૂરિયાત મુજબના નાનામોટા પેકિંગમાં મળે છે, અને આક્રમક રીતે તેનું માર્કેટિંગ કરવામાં આવે છે. મુશ્કેલી એક જ છે. નશીલાં દ્રવ્યોની જેમ તેની પર ક્યાંય ચેતવણી મૂકાયેલી હોતી નથી.

વર્તમાન યુગમાં જેમ રાજકારણ નાગરિકોના ઘરમાં, દરવાજો ખટખટાવ્યા વિના પ્રવેશી ગયું છે અને અડિંગો જમાવી દીધો છે, એવું જ આ ખોરાકી ઝેર બાબતે કહી શકાય. એક મનને દૂષિત કરે છે, અને બીજું તનને. આબાલવૃદ્ધ સહુ કોઈ આ ખોરાકી ઝેર આનંદપૂર્વક લઈ રહ્યા છે. તેમાં રહેલા અતિશય મસાલા સ્વાદેન્દ્રીયને ખતમ કરી નાખે છે.

સિગારેટ, બીડી કે અન્ય નશીલાં દ્રવ્યો જેવી દેખીતી ખરાબ અસર ન હોવાથી આ બાબતે વ્યક્તિગત સ્તરે જાગૃતિ ઓછી છે, યા છે તો એની ગંભીરતા જોઈએ એવી નથી. હજી આપણા દેશમાં તેનો ઊપયોગ વરસોવરસ વધી રહ્યો છે અને નવા નવા વર્ગોમાં તે પ્રસરી રહ્યો છે. કાનૂની નિયંત્રણ ક્યારે લદાશે એ ખબર નથી, અને લદાશે તો પણ એ કેટલાં અસરકારક હશે એ કલ્પનાનો વિષય છે. સવાલ કાનૂની નિયંત્રણ કરતાંય વધુ સ્વજાગૃતિનો છે. હવા, પાણી, પર્યાવરણ બધાનો ખો વળવાની પ્રક્રિયા ચરમ સીમાએ હોય તો આ સ્પર્ધામાં ખોરાક શા માટે પાછળ રહે?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# મુસાફરોના ગજવામાંથી ૬૦૦ કરોડ સેરવી લેશે રેલવે

## ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

**બજેટ આવવાનું છે તે પહેલાં સંસદની ઐસી-તૈસી કરી કોઈ પણ ચર્ચા વગર લોકોના ગજવામાંથી ૬૦૦ કરોડ રૂપિયા સેરવી લેનાર કેન્દ્ર સરકાર પોતાની નૈતિકતા અને પાર્લામેન્ટ પ્રત્યેની પ્રતિબદ્ધતાની વાત નથી કરતી પણ એ તો એમ કહે છે કે, ૨૧૫ કિ.મી.ના પ્રવાસ ઉપર કોઈ ભાડા વધારો નહીં થાય**

ભારતીય રેલવેએ ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫થી અમલમાં આવે તે રીતે મુસાફરો માટે નવા ભાડા દરોની જાહેરાત કરી છે. રેલવે મંત્રાલયના જણાવ્યા મુજબ, વધતા જતા ઓપરેશનલ ખર્ચ અને મુસાફરોની સુરક્ષા પાછળ થતા ખર્ચને પહોંચી વળવા માટે આ ભાડા વધારો જરૂરી છે. જોકે, આ વધારાને નજીવો વધારો ગણવાયો છે, પરંતુ તેની સામાજિક અને આર્થિક અસરો વ્યાપક હોઈ શકે છે. રેલવે ભાડામાં ૨૦૨૫નાં વર્ષમાં બીજી વખત વધારો થયો છે. આને કારણે રેલવેની આવકમાં ૬૦૦ કરોડનો વધારો થઈ શકે છે. લોકોના ગજવામાંથી નાના નાના હપ્તામાં પૈસા કઈ રીતે સેરવી લેવા એ હવે સરકાર માટે સહજ વાત બની ગઈ છે. કેન્દ્રીય બજેટ આવવા આડે માત્ર બે મહિનાથી પણ ઓછો સમય રહ્યો છે ત્યારે બજેટની ઐસી-તૈસી કરીને બજેટ આવે તે પહેલા જ રેલવે ભાડામાં વધારો કરી દેનાર કેન્દ્ર સરકાર લોકશાહીના આધારસ્તંભ જેવી સંસદ તરફ કેટલી ગંભીર અને વફાદાર છે તેનો દાખલો પણ જોવા મળે છે. સ્ટેટેસ્ટીક્સ એક એવી વસ્તુ છે કે જે કોઈ પણ બાબતને પોતાની રીતે રજૂ કરવાનું એક ગજબનાક હથિયાર વાપરનારના હાથમાં આપે છે. સ્ટેટેસ્ટીક્સ માટે કદાચ એટલે જ કહેવાયું છે કે, જૂઠાણા ત્રણ પ્રકારના હોય છે. એનો પહેલો પ્રકાર સફેદ જૂઠ તરીકે ઓળખાય છે. બીજો પ્રકાર નર્યું જૂઠ અને એનો ત્રીજો પ્રકાર છે, 'સ્ટેટેસ્ટીક્સ' એટલે કે આંકડાશાસ્ત્ર.

બજેટ આવવાનું છે તે પહેલાં સંસદની ઐસી-તૈસી કરી કોઈ પણ ચર્ચા વગર લોકોના ગજવામાંથી ૬૦૦ કરોડ રૂપિયા સેરવી લેનાર કેન્દ્ર સરકાર પોતાની નૈતિકતા અને પાર્લામેન્ટ પ્રત્યેની પ્રતિબદ્ધતાની વાત નથી કરતી પણ એ તો એમ કહે છે કે, ૨૧૫ કિ.મી.ના પ્રવાસ ઉપર કોઈ ભાડા વધારો નહીં થાય. ગુજરાતમાં આંધ્રપ્રદેશ, ઓડિસા, બિહાર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશથી પેટિયું રળવા જે લોકો આવે છે, તે બધા ૨૧૫ કિ.મી.થી વધારે અંતરેથી આવે છે. આ ગરીબ શ્રમજીવીઓ પર બોજો પડશે એ સ્ટેટેસ્ટીક્સની આડમાં રાચતી સરકારને કેમ નહીં દેખાતું હોય?

સરકાર વળી પાછું સ્ટેટેસ્ટીક્સ લઈ આવે છે અને કહે છે કે, દર કિ.મી. દીઠ માત્ર ૧થી ૨ પૈસાનો વધારો થશે. લોકલ ટ્રેન માસિક સિઝન ટિકિટના દર યથાવત્ રહેશે. લોકલ ટ્રેન કે માસિક સિઝન ટિકિટ દ્વારા પ્રવાસ કરનાર કેટલા ૨૧૫થી વધારે કિ.મી.થી આવે છે? તો આ કેટેગરીને જૂદી પાડી જશ ખાટવાની ક્યાં જરૂર હતી? ૨૬ ડિસેમ્બરથી નવા ભાડા અમલમાં આવશે. ભારતીય રેલવે દ્વારા આને કારણે એક જ વર્ષમાં બે વખત રેલવેમાં મુસાફરી કરનાર વર્ગ ઉપર બોજ ઝીંકવામાં આવ્યો છે.

આ અગાઉ ૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ રેલભાડામાં વધારો કરવામાં આવ્યો હતો જે મુજબ મેલ અને એક્ષપ્રેસ ટ્રેનના ભાડામાં પ્રતિ કિ.મી. એક પૈસો અને એરકન્ડિશન્ડ ટ્રેનના ભાડામાં બે પૈસા પ્રતિ કિ.મી.ના દરે ભાવ વધારો ઝીંકવામાં આવ્યો હતો. આ વખતે પણ એક્ષપ્રેસ ટ્રેન તેમજ એરકન્ડિશન્ડ સવલત ઉપર સરકારની ખાસ મહેરબાની ઓછી છે અને ફરી એક વખત એના ઉપર બોજ નાખવામાં આવ્યો છે.

ઉપલબ્ધ વિગતો મુજબ ૨૧૫ કિ.મી.થી વધારે પ્રવાસ કરવા માટે દર કિ.મી. દીઠ એક પૈસો વધારે ભાડું આપવું પડશે પણ જો તમે મેલ, એક્ષપ્રેસ કે એસી કોચમાં પ્રવાસ કરો તો આ ભાવ વધારો દર કિ.મી. દીઠ બે પૈસાનો રહેશે. જનસાધારણ એક્ષપ્રેસ નોન-એસી કોચમાં પ્રવાસ કરવા માટે ૧૦૦૦ કિ.મી.ના અંતર દીઠ દસ રૂપિયા એટલે કે પ્રતિ કિ.મી. એક પૈસાનો ભાવ વધારો જ્યારે સંપૂર્ણ ક્રાંતિ એક્ષપ્રેસ, વંદેભારત, રાજધાની જેવી ટ્રેનોમાં સફર કરનારે હજાર કિમી દીઠ ૨૦ રૂપિયા વધારો ચૂકવવા પડશે.

આમ, કોઈ પણ વધારાના ખર્ચને અથવા કરવેરાને મંજૂર કરવાનો જે સંસદનો અધિકાર છે, તે સંસદના એ અધિકાર પર તરાપ મારી સિફતાઈપૂર્વક રેલવે દ્વારા ૬૦૦ કરોડ રૂપિયાનો વધારાનો બોજ રેલવે મુસાફરો ઉપર ઝીંકી દેવામાં આવ્યો છે.

મધ્યમ વર્ગ જે હંમેશા બે છેડા ભેગા કરવા મથતો રહે છે, તેમના માટે લાંબા અંતરની મુસાફરીમાં આ વધારો ચિંતાનો વિષય બની શકે છે. જો કોઈ મુસાફર નોન-એસી કોચમાં મુસાફરી કરે છે, તો તેણે ૧૦ રૂપિયા વધારાના ચૂકવવા પડશે. દેખીતી રીતે આ રકમ નાની લાગે છે, પરંતુ મધ્યમ વર્ગના કુટુંબ માટે, જ્યાં આખું ફેમિલી મુસાફરી કરતું હોય, ત્યાં આ બોજો વધી જાય છે. ભારતમાં લાખો શ્રમિકો કામ અર્થે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં લાંબા અંતરની મુસાફરી કરે છે. શ્રમિકો માટે પાંચ કે દસ રૂપિયાનો વધારો પણ નોંધપાત્ર હોય છે, કારણ કે તેઓ વર્ષમાં ઘણી વખત પોતાના વતને જતા હોય છે. જોકે, ટૂંકા અંતરના ભાડામાં ફેરફાર ન હોવાથી સ્થાનિક કામદારોને રાહત મળી છે, પરંતુ 'લોંગ ડિસ્ટન્સ' ટ્રેનોમાં જનારા મજૂરો પર તેની આર્થિક અસર વર્તાશે.

આ ભાડા વધારાથી રેલવેને વાર્ષિક અંદાજે રૂ. ૬૦૦ કરોડની વધારાની આવક થવાની ધારણા છે. આ ભંડોળનો ઉપયોગ નવી ટેકનોલોજી અને સુરક્ષા સાધનો પાછળ કરવામાં આવશે. વધતા જતા મેનપાવર કોસ્ટ એટલે કે રેલવે કર્મચારીઓ પાછળ થતો ખર્ચ (લગભગ રૂ. ૧.૧૫ લાખ કરોડ) અને પેન્શનના બોજને કારણે રેલવેની આર્થિક સ્થિતિ પર દબાણ છે. આ વધારો રેલવેને આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક પગલું છે એવું રેલવેનું કહેવું છે.

રેલવેએ સામાન્ય માનવી અને ગરીબ વર્ગને ધ્યાનમાં રાખીને ટૂંકા અંતરના ભાડા યથાવત રાખ્યા છે, જે પ્રશંસનીય છે. પરંતુ લાંબા અંતરના મુસાફરો માટે આ વધારો મોંઘવારીના જમાનામાં વધારાનો બોજ છે. સરકાર માટે પડકાર એ રહેશે કે વધેલા ભાડાની સામે મુસાફરોને સુવિધા, સ્વચ્છતા અને સમયપાલનમાં નોંધપાત્ર સુધારો જોવા મળે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## જીવનની ફિલોસોફી ત્રણ શબ્દોમાં

વ્યક્તિનો જીવનક્રમ એટલે જન્મ અને મૃત્યુ વચ્ચેનું અંતર પણ આ બી અને ડી વચ્ચે આવતો સી એટલે કે પસંદગી. એટલે કે તમો કેવું જીવન જીવો છે તે આ પસંદગી ગણમાં આવતા શબ્દો ખૂબ જ મહત્ત્વના છે. (1) આહાર વિહાર આચાર તંદુરસ્ત જીવન માટે ખોરાકની પસંદગી સુયોગ્ય અને ઉંમરને ધ્યાનમાં લઈને કરવી જોઈએ. જીવનક્રમમાં વિહાર એટલે હરતાં-ફરતાં રહેવું. શારીરિક ક્ષમતાને અનુસાર નાના નાના પ્રવાસ-કુટુંબ સાથે માણો. જીવનક્રમમાં આચાર એટલે વાણી વર્તન અને વ્યવહાર સારો રાખો. (2) તન, મન અને ધન : તન એટલે શરીરની કાળજી રાખો. મનમાં હકારાત્મક વિચાર રાખો. ધન કમાવા પાછળની ઘેલછા ઓછી રાખો. અંતમાં ચાલશે, ભાવશે અને ગમશે. સિધ્ધાંતો સાથે અનુકૂળતા રાખો. બસ જીવનમાં અમલ કરો અને ભરપૂર જિંદગી માણો.

રાંદેર રોડ, સુરત - દીપક બી. દલાલ

## 'સાલમપાક' તો સુરતમાં જ ખાવા મળે !

શિયાળો માગશરમાં શરૂ થાય એટલે સુરતીઓનાં ઘરે ઘરે સાલમપાક બનાવવાનું ચાલુ થઈ જાય. આમ તો શિયાળામાં વસાણાં ખાવાથી આખું વરસ શરીરમાં પોષણ મળી રહે છે અને રોગપ્રતિકારક શક્તિ જળવાય રહે છે. શિયાળામાં અડદિયા પાક, મેંથી પાક અને સાલમપાક જેવા વસાણાં દરેક સુરતીઓ ખાય છે.'સાલમપાક' સુરતીઓ માટે વસાણાનો શહેનશાહ છે. ઝાંપાબજારમાં આવેલી એક મિઠાઈની દુકાનમાં બોર્ડ મારવામાં આવતું હતું. 'દુધનું ઔસડ' યાને સાલમપાક. સાલમપાક બનાવવામાં માટે પહેલા દુધને બાળવામાં આવે અને તે દુધનાં માવામાં ઘી નાંખી ચૂલે મુકવામાં આવે જેમાં વિવિધ જાતના તેજાના જેવા કે સફેદમરી, સૂંઠ, સફેદ મુસળી, સાલમ, માપસર નાંખવામાં આવે છે અને સાથે ખારેક અથવા ખજૂર, શીંગોડાનો લોટ, મગજતરી, કાજુ, બદામ, અંજીર જેવા સુકામેવા નાંખવામાં આવે છે. તે મિશ્રણને જામ ખંભાળિયા ઘીમાં સોતળવામાં આવે છે. છેલ્લે એલચી, જાયફળ, જાવંત્રી નાંખવામાં આવે છે. આ રીતે સાલમપાક બની ગયા પછી તાવડીમાં પાથરી બીજા દિવસે ઉપર ઘી અને પિસ્તાથી ગાર્નિશ કરવામાં આવે છે. સાલમપાક માત્ર સુરતમાં બનાવવામાં આવે છે કે સુરતની મિઠાઈની દુકાનમાં જ મળે છે. સુરતીઓ ઉત્તરાયણ સુધી સાલમપાક આરોગી આખું વરસ તંદુરસ્ત રહે છે.

સલાબતપુરા, સુરત- કિરીટ મેઘાવાલા

## વધુ નાણાં કમાવા માટે હિંસક ફિલ્મો બનાવવી જરૂરી ખરી?

સાઉથની હિંસાત્મક ફિલ્મો ડબ થઈને હિન્દીમાં રીલીઝ થાય છે. સાઉથની ફિલ્મની આપણે વાત કરવી નથી. આપણા હિન્દી ફિલ્મોમાં જે ફિલ્મ વધારે નાણાં કમાય તેને સારી ફિલ્મ તરીકે ઓળખવામાં આવે છે. આવી એક પ્રણાલી થઈ ગઈ છે. ખરેખર કેટલીક સારી ફિલ્મો બોક્સઓફિસ પર સારી કમાણી કરી શકતી નથી. એક ફિલ્મ જેટલો વકરો કરે ત્યાર પછીની ફિલ્મ તેનાથી વધારે વકરો કરે. અને નવી ફિલ્મ આવે તેના ટિકિટ બારી પર દર વધી જાય એટલે સ્વાભાવિક રીતે જ તેની કમાણીનો આંક મોટો દેખાય. વળી, પબ્લિકને આકર્ષવા માટે હિંસાનું પ્રમાણ વધારવામાં આવે છે. આ હિંસા બતાવવા માટે તે સત્ય ઘટના છે તે રીતે તેને પ્રસ્તુત કરવામાં આવે છે. કેટલીક હિંસા એટલી વિચિત્ર હોય છે કે જોતી વખતે આંખ આડા કાન કરવા પડે છે. બતાવનારા હિંસા બતાવતી વખતે જોનારની ક્ષમતા પણ જોવી જોઈએ. મેં એકવાર એનિમલ ફિલ્મ જે થિયેટરમાં એડલ્ટ હતી તે જ ફિલ્મ કેબલ પર બાળકોને જોતાં જોયેલાં. આનો કંઈ અર્થ ખરો? સત્ય ઘટનાના બહાને ફિલ્મમાં હિંસા બતાવાય અને ફિલ્મ જોઈને હિંસા કરાય એ બંને એક બીજાના પૂરક છે. જો સમાજને અહિંસક બનાવવો હશે તો ફિલ્મો પણ અહિંસક બનાવવી પડશે.

ગોડાદરા, સુરત - પ્રવિણ પરમાર

## યુવાધનને બરબાદ થતું કોણ બચાવશે?

આપણે ત્યાં આપણી બહુ કમનસીબી રહી છે કે આપણા યુવાધનને પૂરતી મોકળાશ અને તકો આપી શકતા નથી. સારા અને સસ્તા અભ્યાસ માટે ભારત છોડી વિદેશની વાટ પકડે છે. કેનેડા અમેરિકા ફ્રાન્સ યુ.કે. સહિત ના દેશોમાં આપણા હોનહાર તેજસ્વી યુવાનો અભ્યાસ માટે જાય છે. અભ્યાસ પુરો કર્યા પછી પણ ભારત પાછા ફરતા નથી. અહીં આપણે યુવાધનને સારી નોકરી સારો પગાર બધી સુવિધાઓ આપી શકતા નથી એ એક હકીકત છે. અહીં જે યુવાનો અભ્યાસ કરે છે તેમને પણ આપણે સાચવી શકતા નથી. તેથી આપણા યુવાનો ઇઝી મનીના ચક્કરમાં ગેરકાનૂની કામો કરે છે. વિદેશથી સોનું લાવી અહીં એજન્ટોને સોનુ આપી દેવાનું હોય છે વિદેશમાં રહેવા ખાવાપીવા અને ટિકિટ સહિતની સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. એક ટ્રીપના ૨૫/૩૦ હજાર રૂપિયા કમિશન મળે છે તેથી આપણા શિક્ષિત યુવાનો આ ગેરકાયદેસર કામ કરે છે. હવે આમાં હમણાં સુધી ગોલ્ડ લાવવાની વાતો હતી પણ હવે આ આપણા શિક્ષિત યુવાનો સોનાની જગ્યા પર ડ્રગ્સ લાવતા થયા છે જે ખૂબ જ ખતરનાક કહી શકાય. વધારે કમિશનની લાલચમાં આ યુવાનો આપણા ભારતમાં રહેતા યુવાધનને પણ ડ્રગ્સની લત આદત પાડે છે. યુવાનો પોતાનું તેજ-શક્તિ-સામર્થ્ય ગુમાવી રહ્યા છે. આપણે ચુપચાપ બેસી તમાશો જોઈ રહ્યા છે એ વધારે ગંભીર બાબત છે.

આંબાવાડી, સુરત- અબ્બાસભાઈ કૌકાવાલા

## બાંગ્લાદેશમાં અરાજકતા અને હિન્દુઓ સામે ઉભરી રહેલું સંકટ

બાંગ્લાદેશમાં હાલમાં જે અરાજકતા અને અસ્થિરતા છે તેણે માત્ર દેશની આંતરિક શાંતિને જ હચમચાવી નાખી નથી, પરંતુ સમગ્ર દક્ષિણ એશિયાની સુરક્ષા અને માનવીય મૂલ્યો અંગે પણ ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. કટ્ટરપંથી દળોના બેકાબૂ ઉદય, ટોળા દ્વારા હિંસામાં વધારો અને કાયદો અને વ્યવસ્થાના ભંગાણથી લઘુમતી હિન્દુ સમુદાયમાં ભય અને અસુરક્ષાનું વાતાવરણ ઉભું થયું છે. ચિત્તાગોંગમાં બનેલી હૃદયદ્રાવક ઘટનાએ આ સત્યને વધુ ક્રૂરતાથી ઉજાગર કર્યું છે. એક મુસ્લિમ સાથીએ, નાની વ્યક્તિગત અદાવતને કારણે, ભીડને જાહેર કર્યું કે દીપુ નામના એક યુવકે પયગંબર મુહમ્મદ વિશે અપમાનજનક ટિપ્પણી કરી છે. આ ખોટા આરોપથી ટોળા ઉશ્કેરાયા, અને મામલો ઝડપથી મોબ લિંચિંગમાં ફેરવાઈ ગયો. પ્રશ્ન એ રહે છેઃ શું લોકશાહી દેશમાં લઘુમતીઓએ પોતાની સુરક્ષા માટે પહેલ કરવી જોઈએ? બાંગ્લાદેશમાં હિન્દુઓની બગડતી પરિસ્થિતિ એ વાતનો પુરાવો છે કે સુરક્ષા એજન્સીઓ રાજકીય દબાણને કારણે મૂક પ્રેક્ષક બની રહી છે અથવા નિષ્ક્રિય રહી છે. આજે, બાંગ્લાદેશના રસ્તાઓ અને સોશિયલ મીડિયા પર ભારત વિરોધી પ્રચાર, ખોટી અફવાઓ અને નફરત ફેલાવતા મીડિયા જૂથો સક્રિય છે. આની સીધી અસર ત્યાં રહેતા હિન્દુઓ પર પડી રહી છે.

સુરત - કાંતિલાલ માંડોત

## નેશનલ હેરલ્ડ કેસ- સડેલી ન્યાય વ્યવસ્થાનું ઉદાહરણ

૨૦૧૩માં સુબ્રમણ્યમ સ્વામીએ નેશનલ હેરલ્ડ કેસ દાખલ કર્યો. તેની પર દિલ્હીની પટિયાલા કોર્ટે સંજ્ઞાન લઈને તેને સુનાવણીને યોગ્ય માન્યો. કોર્ટ સંજ્ઞાન ન લે તે માટે મોટા મોટા વકીલોની એક ટોળીએ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી ગઈ. પણ બંને કોર્ટોને આમાં કંઈ જ ખોટું ન લાગતા કેસને સુનાવણી યોગ્ય માન્યો. પણ હવે એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ (ઈડી)ના આરોપ પર કોર્ટ દ્વારા સંજ્ઞાન લેવાના મુદ્દે ૧૪મી જુલાઈ ૨૦૨૫ના રોજ બધા જ પક્ષોની દલીલો પૂરી થઈ હતી, અને ૨૯મી જુલાઈ ૨૦૨૫ના દિવસે ચૂકાદો આપવાનું કોર્ટે નકકી કર્યું. પણ તેમ નહી થયું. હવે જ્યારે ૧૬મી ડિસેમ્બરે રાઉઝ એવન્યુ કોર્ટની એક વિશેષ અદાલતના જજે ચૂકાદો આપ્યો કે ઈડીની ચાર્જશીટ સ્વીકારવા યોગ્ય નથી. કેમ કે, ઈડીનું કામ મની લોન્ડરીંગની તપાસ કરવાનું છે, નહિ કે અપરાધના મૂળ સ્વરૂપને નક્કી કરવાનું. ૧૧૭ પાનાના આ ચૂકાદાને લખતા કોર્ટને પાંચ મહિના લાગ્યા. આ કેસના ચુકાદા વિષે નિર્ણય લેવા કે આ કેસ કયા આધારે ચલાવી શકાય તે તો કાયદાના જાણકાર લોકો જ કહી શકે. પણ કેસ તો ફરી પાછો બાર-પંદર વર્ષ પહેલા હતો ત્યાં ને ત્યાં આવીને ઉભો રહ્યો. આવું બને પછી ન્યાયતંત્ર પર લોકોનો કેમ ભરોસો બેસે?

નેત્રંગ - જયસીંગ ગામીત